# धर्मरत्नकरंडक

स्वोपज्ञटीका साथे लगभग दस हजार श्लोक प्रमाण काया धरावतो प्रस्तुत ग्रंथ महाराजा जयसिंह शासित श्रीदायिकाकूप नामना जिनमंदिरथी शोभता गाममां रचायो हतो.

दायिकाकूप गाममां हुंबट वंशमां अलंकारसमा जिंदक श्रेष्ठि अने अजित श्रेष्ठि नामे बे भाईओ रहेता हता. आ बन्ने भाईओए बनावेली पौषधशाळामां स्थिरता दरमियान वि. सं. ११७२मां आ ग्रन्थनी रचना करवामां आवी छे.

ग्रंथरचनामां आ. वर्धमानसूरिजीने तपस्वी अने यशस्वी उपाध्याय पार्श्वचन्दजीए सहयोग आप्यो हतो.

ग्रंथसंशोधनमां उपाध्याय पार्श्वचन्दजी उपरांत मुनिश्री नेमिचन्द्रजीए पण सुंदर योगदान आप्युं छे.

आ ग्रंथनो प्रथमादर्श लखवानुं पुण्यकार्य गणिवरश्री अशोकचन्द्रजी अने मुनिश्री धनेश्वरजीए कर्युं हतुं.

वीस अधिकारोमां वहेंचायेला प्रस्तुत ग्रंथमां आवतां अधिकारोनां नाम, पेटा विषयो, कथाओना नाम वगेरे 'विषयानुक्रम'मां विस्तारपूर्वक बताव्युं छे. अभ्यासीओनी सुगमता खातर भिन्न भिन्न टाईपोनो उपयोग कर्यो छे. अहीं अलग आपवामां आवेला 'विषयानुक्रम' उपर नजर नाखता साथे ज जणाई आवे छे के प्रस्तुत ग्रंथनुं नाम 'धर्मरत्नकरंडक'–धर्मरूपी रत्नोनो करंडियो–तद्दन यथार्थ छे.

ग्रंथना मूळ श्लोकोनी संख्या ३७६ थाय छे[1]. मोटाभागना श्लोक अनुष्टपछंदमां छे पण केटलाक अन्य छंदोमां पण छे.

श्लोक सरळ सुगम अने हृदयंगम छे. केटलाक श्लोको तो वांचता साथे समजाई जाय एवा सरळ छे. अने एवा सरळ श्लोकोनी व्याख्या करवाने बदले **श्लोकोऽयं स्पष्टः** लखी देवामां आव्युं छे.

मोटाभागना श्लोको ते ते विषयनां बेनमून सुभाषितो बनवानी क्षमता धरावे छे.

सामान्य रीते 'धर्मकरंडक' (ध. र. क.)नी बधी हस्तलिखित प्रतिओमां अवतरणिका पछी मूळ श्लोक के श्लोको अने पछी व्याख्या–टीका छे.

व्याख्यामां मोटे भागे श्लोकना प्रतीको लई पर्यायो आप्या छे. सुगम शब्दोना पर्यायो नथी आप्या. अने क्यारेक संपूर्ण श्लोकनी सुगम होवाना कारणे व्यख्या नथी करी.

---

**१. जो के ग्रंथना अंतिम श्लोकमां कुल श्लोक ३३५ थता होवानुं जणाव्युं छे.**

**ग्रथितेऽपि हि विज्ञेयं श्लोकानां सर्वसङ्ख्यया ।**
**पूर्वापर्येण सम्पिण्डय पञ्चत्रिंशं शतत्रयम् ॥ ३७६॥**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चेत्रण स्थळे व्याख्या विस्तृत छे. व्याख्यामां आगमादि ग्रंथोना अनेक साक्षीपाठो पण आपवामां आव्या छे. (जुओ श्लोक ४७–४८, २४४–४५नी व्याख्या)

क्यारेक मूळ श्लोकना पाठ करतां टीकामां अपायेला प्रतीकनो पाठ भिन्न होय छे. टीका स्वोपज्ञ छे. एटले ग्रंथकारने ज पाछळथी फेरफार करवानो विचार थयो होय एम बनवाजोग छे. अन्य ग्रंथोमां पण आवुं बनतुं होय छे. अमे ज्यारे टीकागत पाठ स्वीकार्यो छे त्यारे टिप्पणमां एनो निर्देश अने हस्तप्रतोना पाठ आपी दीधा छे. (जुओ पृ. १६३ टी. १, पृ. २१७ टी. १, पृ. २१८ टी. १, पृ. २२९ टी. १ वगेरे.)

एक स्थळे एवुं बन्युं छे के त्रण श्लोकोनी टीका छे पण मूळ श्लोको नथी. अमे टीकागत प्रतीकोना आधारे मूळ श्लोको गोठवीने चोरस ब्रेकेटमां आपी टिप्पणमां निर्देश कर्यो छे. (जुओ श्लोक नं. ८८–९०, पृ. १४१ टी. १)

एक स्थळे एवुं बन्युं छे के मूळ श्लोक (१४७)ना स्थळे पूरो श्लोक नथी. अने टीकामां १४५मी गाथानुं प्रतीक आपी 'श्लोकास्त्रयः सुखावबोधा एव' एम लखी दीधुं छे. आवा स्थळे श्लोकनी पूर्ति करवानुं अमारी पासे कोई साधन न होवाथी ते अधूरो ज मूकवो पड्यो छे. (जुओ पृ. १९३ टी. १)

आवुं ज १८०नी टीका पूरी थया पछी 'अनम्रः पर्वताकारः' इति श्लोकः सुगम एव (पृ. २२०) लख्युं छे, पण मूळ श्लोको (१७२–१९९) मां आवो कोई श्लोक छे नहीं. अने अना विना ज अवतरणिकामां (पृ. २१७) जणावेल **श्लोकानां सप्तविंशतिः** थई रहे छे. एटले आ श्लोक ग्रंथकारे पाछळथी काढी नाख्यो होय तेम बने. (पृ. २०० टी. १)

ग्रंथमां चर्च्य विषयो प्रचलित अने जाणीता छे. अष्टप्रकारी पूजाना क्रम अने प्रकारमां वर्तमानमां प्रचलित क्रम अने प्रकार करतां फेरफार छे. **मूलशुद्धिप्रकरणनी** गाथा २१मां पण अहीं ध.र. क. (श्लोक ५०–५८)मां निर्दिष्ट क्रम अने प्रकार मुजब ज वर्णन छे. एटले आ क्रम अने प्रकारनी परंपरा प्राचीन होवानुं जणाय छे.

ग्रंथमां के कथामां आवतां विषयोने पुष्ट करवा माटे अवतरणो, साक्षीपाठो पण घणां स्थळे आप्यां छे. पांचसोथी वधु अवतरणोमां प्राकृत गाथाओनी संख्या मोटी छे. अवतरणोनां मूळ स्थान ज्यां ज्यां शोधी शकायां छे त्यां त्यां ते ते ग्रंथोनां[1] नाम आदि आप्यां छे. अवतरणोने भिन्न टाईपमां मुद्रित करवामां आव्यां छे. अवतरणोनी अकारादिसूचि परिशिष्ट ३मां आपवामां आवी छे.

अहीं ध. र. क. मां आवतां अवतरणो **मणोरमाकहा** वगेरेमां पण मळतां होय छे[2].

---

**१. विशेष माटे संपादन–उपयुक्त ग्रंथसूचि जुओ.**

**२. जेम के ध. र. क. पृ. ९६ गाथा ८२, मणोरमाकहा पृ. ३२५ गाथा ९९७.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

टीकामां अने कथामां प्रसंगे प्रसंगे संस्कृत–प्राकृत–अपभ्रंशमां सुंदर सुभाषितो, अन्य ग्रंथोनी साक्षीओ आव्या करती होय ज छे. केटलीक विशेष उल्लेखनीय बाबतो ग्रंथमां आवे छे ते आवी छे :

नवकारमहिमा प्राकृत पद्यमां (पृ. ४३–४४)
प्रतिष्ठाविधिवर्णन प्राकृत पद्यमां (पृ. ३१–३५)
जिनस्तुति (पृ. ४१, १२६–२७)
अंतिमआराधनानुं वर्णन (पृ. ४५–४७)
धर्मदेशना (पृ. ५२–५३, ५५–५६, ९९, ११४–१५, ११८)
श्रावकधर्मवर्णन (पृ. १०८–१०९)
गुरुवर्णन (पृ. ५५)
विद्याप्रसंसा (पृ. १७८)
वसंतऋतुवर्णन (पृ. ६६)
सरोवरवर्णन (पृ. ८२)
प्रव्रज्यावर्णन गद्यमां (पृ. ९२–९३)
नरकवर्णन गद्यमां (पृ. ११४)
दारिद्र्यनिंदा (पृ. १०२, ३७२)
चार गतिनुं वर्णन (पृ. २७९–८०)
स्त्रीमोहवर्णन (पृ. १८०)
आर्यदेश २५॥ (पृ. ८)
अशरणभावना (पृ. २१३)

## कथाओ

ध. र. क. मां मूळ श्लोकनी व्याख्या कर्या पछी विषयने वधु श्पष्ट करवा माटे प्रसंगे प्रसंगे कथाओ मूकी छे. दस हजार श्लोकप्रमाण ग्रंथनो सिंहभाग – ७००० श्लोकप्रमाण–कथामां रोकायां छे.

मोटाभागनी कथाओ सरळ पद्यमां छे. कवचित् आलंकारिक उपमा अने श्लेषनो प्रयोग पण छे. मोटाभागना पद्य अनुंष्टुप छंदमां छे. कवचित् भिन्न भिन्न छंदो पण छे.

केटलीक कथाओ गद्यमां छे. जेम के [१]दुर्गतानारीकथा (पृ. १३२–३), श्रेणिकदृढता

**१. दुर्गतानारीकथामां पंचाशक टीकानी शब्दशःछाया छे. (पृ. १३३ टी. १) अमृतमुखास्थविरानी कथामां 'मणोरमाकहा' टिप्पण गत प्राकृत कथानुं संस्कृत रूपांतर–शब्दशः संस्कृत छाया जोवा मळे छे.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रसंग (पृ. १५३–१५४), कुलवालककथा (पृ. ३३४–४), चोरकथा (पृ. ३८९–९०) अमृतमुखास्थविराकथा (पृ. ३७८, ३८६) जेवी केटलीक कथाओ गद्यमां छे. अने केटलीक पद्यकथाओमां पण वच्चे वच्चे गद्य आवे छे. (पृ. २३८–३९, २७९–८०)

गद्यवर्णन पण प्रासादिक शैलीनुं छे. सिद्धर्षिगणिना उपमितिभव प्रंपचो कथा गद्यनी याद अपावे तेवुं. क्यांक समासप्रचुर लांबा आलंकारिक वर्णन पण छे. (पृ. ४०२)

केटलीक कथाओ प्रसिद्ध होवाथी संक्षेपमां ज पूर्ण करी छे. शालिभद्रकथा (पृ. २६७ श्लोक १४), अभयकुमार (पृ. १५५ श्लोक २८), महावीर प्रभु जीवनप्रसंग (पृ. २३३–४ श्लोक १८).

फलसारकथा (श्लोक ४०० प्रमाण), नरकेशरीकथा (श्लोक ४१९) अने चित्रसंभूतिकथा (४४६ श्लोक) जेवी केटलीक दीर्घ कथाओ पण छे.

चालीसथी वधु कथाओमां २०थी वधु प्राचीन अने प्रसिद्ध ऐतिहासिक छे. दुष्प्रसहसूरि वक्तव्यतामां (पृ. १३९–४०) ईतिहासप्रेमीओने रस पडे तेवी विगतो छे.

अष्टप्रकारीपूजानो महिमा वर्णवती आठ कथाओ, नरचन्द्रकथा (पृ. १६४–१७२), आम्र–लिंबककथा (पृ. ३३५–३३८) वगेरे प्राचीन कथानी शैलीए लखायेली छे. 'मणोरमाकहा'मां पण अष्टप्रकारीपूजाना महिमा उपर अने अन्य विषयो पर पण प्राचीन शैलीनी कथाओ छे. बन्नेमां (ध. र. क. अने 'मणोरमाकहा'मां) फलपूजा उपर फलसारनी कथा छे. पण कथा तद्दन जुदी जुदी छे.

केटलीक कथाओमां केटलुंक साम्य पण छे. जेम के 'मणोरमाकहा'मां आवती तेजसारनृपकथानो प्रारंभिक अंश (पृ. २०४–२०७) ध. र. क. मां गंधपूजाना महिमा उपर आवती रत्नसुन्दरकथा (पृ. ५४–६३) जोडे साम्य छे. तेजसारकथाना पाछळना अंश जोडे (पृ. २०७–२१७) ध. र. क. गत दीपकपूजा महिमा उपरनी भानुप्रभकथा (पृ. ८०–९३) मळती आवे छे.

'मणोरमाकहा' ना प्रारंभमां आ. वर्धमानसूरिजीए ग्रंथगत कथाओ बाबतमां लख्युं छे के –

**एसो कहापबंधो कओ मए मंदबुद्धिणा वि दढं ।**
**कत्थइ चरियसमेओ कत्थइ पुण कप्पियाणुगओ ।।**

अमुक कथाओ प्राचीन चारित्रानुसार अने अमुक कल्पनानुसार रची छे. एटले आ कथाओ कल्पनानुसार बनी होवानो संभव छे.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## रूपककथाओ

ध. र. क. मां केटलीक रूपककथाओ पण छे. मधुबिन्दुनी प्रसिद्ध कथा (पृ. १५–१७) अहीं केटलीक विशिष्टता अने विस्तार साथे जोवा मळे छे.

'जुगाइजिणिंदचरिय' पृ. १९मां आ कथा संक्षिप्तमां छे.

श्रेष्ठिपुत्रत्रयकथा(पृ. १८–२३)मां पिता द्वारा पुत्रोने अपायेली हितशिक्षा अने नीतिशास्त्रनी वातो मार्मिक छे.

रुद्रदेवनी कथामां कषायोनी भयंकरता बतावता पात्रोनी सरस गूंथणी छे. (पृ. २२१–२२८) आ कथा 'जुगाइजिणिंदचरिय' पृ. १९८मां प्राकृत गद्यमां छे.

'वसुसार'नी कथा (पृ. १६८–६९) छाणामांथी रत्नो बनाववा वगेरे रसप्रद वात छे. कथाना पात्रोनी छेल्ले उपनयमां समजण आपी छे. श्रेष्ठि=तीर्थंकर, वसुसार = ... पत्रक = जिनागम, भस्म भरेला वहाण = अशुचिमय काया वगेरे.

आ कथा 'मणोरमाकहा'(पृ. १६८–१६९)मां प्राकृत गद्यमां छे.

## लोककथाओ

अहीं ध. र. क. मां केटलीक लोककथाओ पण छे. आ कथाओ लोकसाहित्यमां घणे ठेकाणे भिन्न भिन्न स्वरूपे जोवा मळे छे.

आठसो वर्ष पहेलां आ लोककथाओनुं स्वरूप केवुं हतुं ते जाणवा अने एनी प्राचीनता नक्की करवा माटे आ कथाओनुं अध्ययन उपयोगी बने तेवुं छे.

ताराचन्द्रनी कथा (पृ. १८६–१९१) अने रत्नचूडरास (रचना सं. १५०९ लगभग) अने रत्नचूडकथानक (रचना वि. सं. १५३०) वगेरेमां आवती रत्नचूडनी कथा[1] जोडे साम्य धरावे छे.

शुक अने सारिकाना मोढे वेद, पुराण वगेरेना हवाला आपी कहेवाती स्त्रीचरित्र अने पुरुषचरित्रनी कथाओ (पृ. ३४१–६१) जेवी कथाओ लोकसाहित्यमां विपुल प्रमाणमां नजरे चडे छे[2]. आने लगती स्वतंत्र रचनाओ पण 'सूडाबहोंतेरी', 'शुकसप्तति' नामथी थयेली छे.

आमां काष्ठ श्रेष्ठिनी कथा (पृ. ३४३–४८) आवश्यक चूर्णि, आवश्यक हारिभद्रीय

---

१. विशेष माटे जुओ 'लोककथाना मूळ अने कुळ', ले. हरिवल्लभ चू. भायाणी. पृ. २३९–२५३, ३६१.

२. विशेष विगतो माटे जुओ, 'मध्यकालीन गुजराती कथाकोष', भा. १, प्र. साहित्य अकादमी. 'लोककथाना मूळ अने कुळ' (पृ. १०८–१३, ३६१–६२).



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

टीका, आवश्यकमलयगिरिटीका (आवश्यकनिर्युक्तिगाथा ९५९ नी टीकामां), नंदीसूत्रनी टीका, हेमविजयकृत कथारत्नाकर, उपदेशप्रासाद वगेरेमां पण मळे छे[3].

रत्नसुंदरकथामां (पृ. ५८–५९) पण स्त्रीचरित्रनो प्रसंग आवे छे. आ ज कथामां (पृ. ६०–६२) यक्षागारमां एकठा थयेला कार्पटिको द्वारा कहेवाती आश्चर्यजनक घटनाओनुं नजरे जोयेलुं बयान वर्णवायुं छे.

अमृतमुखास्थविराकथा (पृ. ३७७–८६) जेवी कथा लोकसाहित्यमां मीठी डोसी अने कडवी डोसीनी कथा तरीके जोवा मळे छे[4].

आ कथा अने एनी अवांतरकथाओ 'मणोरमाकहा'मां (पृ. ३५–४१) शब्दशः आ ज रीते प्राकृत गद्यमां छे.

शीलसुंदरीकथा (पृ. २८१–८५) 'मणोरमाकहा'मां (पृ. ८९ थी) प्राकृत गद्यमां छे. आ कथामां आवतां प्राकृत पद्यो 'मणोरमाकहा'मां पण आवे छे.

शीलसुन्दरीकथा आख्यानकमणिकोशवृत्ति, पंचशतीप्रबोध, शामळभट्टनी नंदबत्रीसी, नंदोपाख्यान वगेरेमां केटलाक फेरफारो साथे मळे छे[5].

आ उपरांत शुभसंग–कुसंग कथामां (पृ. २३४–२४०) आवती बे पेटा कथाओ, पिंगलाख्यान (पृ. १८२–१८९) वगेरेनां मूळ लोकसाहित्यमां होवा संभव छे.

---

३. विशेष माहिती माटे जुओ लोककथाना 'मूळ अने कुळ' पृ. २३९–२५३, ३६१.

४. जुओ 'लोककथाना मूळ अने कुळ' पृ. ७१–७६, १२९–३०, ३५०–५३.

५. विशेष माटे जुओ 'लोककथाना मूळ अने कुळ' प. ११, ३०७–११.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org